પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

Date : 14-11-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm

આકાશવાણી ભુજ સમાચાર પરેશ મારૂ વાંચે છે.

---

બિહાર : મતગણતરી

બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDA પ્રચંડ વિજય તરફ આગળ વધી રહ્યું છે. અત્યાર સુધીમાં જાહેર થયેલા 92 પરિણામોમાંથી, 80 બેઠકો તેના પક્ષમાં ગઈ છે, જ્યારે મહાગઠબંધને આઠ બેઠકો જીતી છે. ચાર બેઠકો અન્યને ગઈ છે.

અત્યાર સુધી પ્રાપ્ત થયેલા વલણો અને પરિણામો અનુસાર, NDA 204 બેઠકો પર આગળ છે. આમાંથી, ભારતીય જનતા પાર્ટી 92 બેઠકો પર, જનતા દળ (યુનાઈટેડ) 84 બેઠકો પર, લોક જનશક્તિ પાર્ટી-રામવિલાસ) 19 બેઠકો પર, HAM પાંચ બેઠકો પર અને RLM ચાર બેઠકો પર આગળ છે.

મહાગઠબંધન કુલ 33 બેઠકો પર આગળ છે. રાષ્ટ્રીય જનતા દળ 25 બેઠકો પર, કોંગ્રેસ પાંચ બેઠકો પર, CPI માલે-લેનિન બે બેઠકો પર અને CPI M એક બેઠક પર આગળ છે.

અન્ય ઉમેદવારો છ બેઠકો પર આગળ છે. આમાંથી, AIMIM પાંચ બેઠકો પર અને બહુજન સમાજ પાર્ટી એક બેઠક પર આગળ છે.

-----------------------------------------------------------------------------------

બિરસા મુંડા જન્મ જયંતી ઉજવણી

ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતીને 'જનજાતિ ગૌરવ દિવસ' તરીકે ઉજવણી સમગ્ર દેશમાં થઈ રહી છે ત્યારે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ભુજમાં લાલન કોલેજ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખે જણાવ્યુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે આપેલા સંકલ્પમાં આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવો ખૂબ જ જરૂરી છે. આદિવાસી સમુદાયનો ઉત્કર્ષ થાય, વિકાસની સાથે તેઓ પોતાની મૂળ પરંપરા સાથે જોડાઈ રહે છે એ દિશામાં પ્રયત્નો કેન્દ્ર અને રાજ્ય સરકાર કરી રહી છે.

આ પ્રસંગે આદિવાસી સમુદાયના તેજસ્વી વિદ્યાર્થીઓ અને ઉદ્યોગપતિઓનું સન્માન અને વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત આયોજિત સેવા સેતુ કેમ્પ દ્વારા સ્થળ પર જ નાગરિકોની અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

-----------------------------------------------------------------------------------

મથલપુલ નિર્માણ

ભુજ-લખપત માર્ગ પર બનાવવામાં આવી રહેલા મથલ પુલનું નિર્માણ કાર્ય અંતિમ ચરણમાં છે. ડિસેમ્બર - ૨૦૨૫માં પુલ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. અંદાજિત રૂ. ૧૮ કરોડના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલો આ પુલ નાગરિકોને માતાના મઢ તથા સરહદી વિસ્તાર તરફ વધુ ઝડપી અને સુરક્ષિત મુસાફરીની સુવિધા પૂરી પાડશે તેવું માર્ગ અને મકાન વિભાગ ભુજની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

ઝારા શહિદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

ઐતિહાસિક કચ્છ ભૂમિની અનેક વીરગાથાઓ કચ્છના ઈતિહાસના સુવર્ણ પુષ્ઠ પર અંકિત થયેલી છે. જે આજે પણ લોકોને કચ્છના શૌર્ય અને બલિદાનની યાદ અપાવવા સાથે પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે. આ ગાથાઓમાં કચ્છના ઝારા ડુંગર પર થયેલા યુદ્ધની ગાથા અનેરી છે. આ યુદ્ધમાં માતૃભૂમિની રક્ષા માટે શહિદ થયેલા હજારો વીર યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવા છેલ્લા ૨૪ વર્ષથી ગીતા જયંતીના દિવસે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાય છે. આ વર્ષે ૨૫ મા ઝારા શહિદ શ્રદ્ધાજંલિ સમારોહનું અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા કરાયું છે, તેવૂં ભુજમાં આયોજીત પત્રકાર પરિષદમાં માહિતી અપાઇ હતી. પ્રદેશ અધ્યક્ષ નિરૂભા ઝાલાએ જણાવ્યું હતું કે, તા. ૧ ડિસેમ્બરના ઝારા ડુંગર ખાતે સમારોહ યોજાશે. જેમાં કચ્છભરમાંથી સંતો-મહંતો, રાજકીય અને વિવિધ સમાજના આગેવાનો, ચૂંટાયેલા જન પ્રતિધિઓ હાજર રહેશે. આ કાર્યક્રમમાં હાજર રહી વીર શહિદોને શ્રદ્ધાંજલિ આપવા સર્વે કચ્છવાસીઓને અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------

કચ્છમાં મગફળીની ખરીદી

કમોસમી વરસાદ અને માવઠા બાદ રાજ્ય સરકાર દ્વારા હાલમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે, ત્યારે કચ્છમાં ખેડૂતો મોટી સંખ્યામાં મગફળી વેચવા ઉમટી રહ્યા છે. 7 નવેમ્બરથી કચ્છના 8 કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી થઇ રહી છે. ખરીદી શરૂ થયાના 4 દિવસમાં 270 ખેડૂતોએ 13 હજાર 380 મણ મગફળી ટેકાના ભાવે વેચી છે.

કચ્છમાં ભુજ, અબડાસા, નખત્રાણા, માંડવી, મુન્દ્રા રાપર અને ભચાઉમાં કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જે ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તે ખેડૂતોએ આગલા દિવસે મેસેજ દ્વારા ખરીદી કેન્દ્ર પર માલ લઈને આવવા માટે જાણ કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------

હવામાન

અડધો નવેમ્બર માસ વીતી ગયા છતાં પણ કચ્છમાં હજુ સુધી કડકડતી ઠંડીનો અનુભવ થયો નથી. હાલ સામાન્ય ઠંડીની સ્થિતિ જળવાઈ રહી છે, પણ અબડાસાના મુખ્ય મથક નલિયા ખાતે ઠંડીની અસર વર્તાઇ રહી છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન 13.5 ડિગ્રી નોંધાયું હતું. આ સાથે નલિયા રાજ્યમાં બીજા ક્રમનું સૌથી ઠંડુ મથક બન્યું હતું. જિલ્લા મથક ભુજ અને કંડલામાં લઘુત્તમ તાપમાન 18.2 ડિગ્રી નોંધાયું હતું.

રાજ્યમાં હાલ એકસાથે બે ઋતુનો અનુભવ થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે.

-------------------------------------------------------------------------------------